*This Question Paper contains 7 printed pages*

Seat No.:

Sl. No. :

# 022(G)

**(March, 2023)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

<u>સૂચનાઓ</u> :

1) **આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 48 પ્રશ્નો છે.**
2) **બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.**
3) **વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.**
4) **પ્રશ્નોને સૂચના મુજબ જવાબ આપો.**
5) **નવો વિભાગ નવા પાના પરથી જ લખવા.**

## વિભાગ - A

■ **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી જવાબ લખો .દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

1) આંકડાકીય માહિતીને પ્રોસેસ કરવા માટેનો પ્રોગ્રામ ક્યો છે ?

(A) એક્સલ શીટ

(B) આકૃતિ

(C) આલેખ

(D) પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન

2) 'રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર અથવા વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનના પ્રમાણમાં થતો વધારો એટલે આર્થિકવૃદ્ધિ' આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) પિગુ

(B) હેન્સન

(C) માઇકલ ટોડેરો

(D) શ્રીમતી ઉર્સુલા હિક્સ

3) સતત અને સર્વગ્રાહી ભાવ વધારાની સ્થિતિ માં નાણાંના મૂલ્ય પર શી અસર પડે છે ?

(A) ઝડપથી વધે છે.

(B) ધીમેથી વધે છે.

(C) ઘટે છે.

(D) સ્થિર રહે છે.

4) હાલ ના સમયમાં પ્રધાનમંત્રી જનધન યોજનાનું સંચાલન કોણ કરે છે ?

(A) કેન્દ્ર સરકાર

(B) S. B. I.

(C) પોસ્ટ ઓફિસ

(D) R. B. I.

5) ભારતમાં કઈ પંચવર્ષિય યોજના થી ગરીબી નાબૂદી માટેની વ્યૂહરચના હેઠળ ખાસ કાર્યક્રમો અને યોજનાઓ શરૂ કરવામાં આવી છે ?

(A) પાંચમી

(B) ચોથી

(C) ત્રીજી

(D) બીજી

6) આંતરરાષ્ટ્રીય ધોરણે નિરપેક્ષ ગરીબી નક્કી કરવાનું 2015 ના વર્ષનું દૈનિક આવકનું ધોરણ કયું છે ?

(A) 1.90 ડોલર

(B) 1.25 ડોલર

(C) 1 ડોલર

(D) 2.50 ડોલર

7) અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી સર્જાય છે ?

(A) મોસમી

(B) ચક્રિય

(C) છૂપી

(D) ઘર્ષણજન્ય

8) ભારતમાં વસ્તીવધારાની દૃષ્ટિએ કયા વર્ષને 'મહાન વિભાજક વર્ષ' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ઇ.સ. 1901

(B) ઇ.સ. 1921

(C) ઇ.સ. 1951

(D) ઇ.સ. 1991

9) નાણાંકીય વર્ષ 2014-15 માં ભારતની આયાતો અને નિકાસોમાં સૌથી વધુ ટકાવારી હિસ્સો વિશ્વના કયા પ્રદેશ નો છે ?

(A) યુરોપ

(B) આફ્રિકા

(C) એશિયા

(D) નોર્થ અમેરિકા

10) ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તાર નો અમલ કયા વર્ષથી થયો ?

(A) 1970

(B) 1980

(C) 2000

(D) 1956

## વિભાગ - B

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 20 પ્રશ્નોના ઉત્તરો એક-બે વાક્યમાં આપો.**

**દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

11) રાષ્ટ્રીય આવક કરતાં માથાદીઠ આવક નો નિર્દેશક કઈ દૃષ્ટિએ ચઢિયાતો છે ?

12) H. C. I. નું પુરું નામ જણાવો.

13) વસ્તુ વિનિમય પ્રથાનો અર્થ આપો.

14) R. B. I. નું રાષ્ટ્રીયકરણ કયા વર્ષમાં કરવામાં આવ્યું ?

15) ભારતમાં ચલણી સિક્કાઓ કોણ બહાર પાડે છે ?

16) તેંડુલકર સમિતિ એ ગરીબી રેખા નક્કી કરવા કયા પ્રકારના ખર્ચનો સમાવેશ કર્યો છે ?

17) ભારતના ગ્રામ્ય વિસ્તારમાં 24 × 7 સતત વિજળીની સેવા પૂરી પાડવાના મુખ્ય ઉદ્દેશથી કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

18) ભારતમાં કેટલા વિશિષ્ટ આર્થિક વિસ્તારો છે ?

19) ખાતાકીય ઉદ્યોગો એટલે શું ?

20) ગુજરાતમાં સરદાર સરોવર યોજનાને કારણે થયેલું સ્થળાંતર એ કયા પ્રકારના સ્થળાંતર નું ઉદાહરણ છે ?

## વિભાગ - C

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 34 સુધીના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

**દરેક પ્રશ્નના 2 ગુણ છે.** [28]

21) આલેખ એટલે શું ? આલેખ નો ઉપયોગ જણાવો.

22) ઈન્ટરનેટના ઉપયોગના ભયસ્થાનો જણાવો.

23) આર્થિક વૃધ્ધિની મર્યાદાઓ જણાવો.

24) બેન્કોની બેન્ક અને બેન્કોના અંતિમ સહાયક તરીકે R. B. I. નું કાર્ય સમજાવો.

25) સાપેક્ષ ગરીબી નો અર્થ ઉદાહરણ સાથે સમજાવો.

**અથવા**

ગરીબી રેખાની મર્યાદા જણાવો.

26) પ્રચ્છન્ન બેરોજગારી એટલે શું ?

**અથવા**

સંપૂર્ણ બેરોજગારીનો અર્થ આપો.

27) વસ્તી નિયંત્રણ માં શિક્ષણની ભૂમિકા સમજાવો.

28) વસ્તી નીતિનો અર્થ આપો.

29) પરંપરાગત ખેતી અને આધુનિક ખેતી નો ખ્યાલ સ્પષ્ટ કરો.

30) વિદેશ વેપારના કોઈપણ બે કારણો સમજાવો.

31) લેણ દેણની તુલાને અસર કરતાં કોઈપણ ચાર પરિબળો જણાવો.

32) ખેતીના આધુનિકીકરણ માં ઉદ્યોગો કેવી રીતે ઉપયોગી છે ?

33) આકર્ષણ સ્થળાંતર એટલે શું ?

34) આરોગ્યનું મહત્ત્વ ટૂંકમાં સમજાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 35 થી 43 સુધીના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

**દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [27]

35) સ્તંભ આકૃતિ એટલે શું ? સ્તંભ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

36) નાણાંના ઉદ્ભવ અને વિકાસ પર ટૂંકનોંધ લખો.

37) વસ્તુની માંગ માં વધારો થવાને લીધે ફુગાવો ઉદ્ભવવાના કારણો ચર્ચો.

38) વેપારી બેંકો દ્વારા સ્વીકારાતી જુદા-જુદા પ્રકારની થાપણોની સમજૂતી આપો.

**અથવા**

R. B. I. ની નાણાંકીય નીતિના કોઈપણ ત્રણ પરિમાણાત્મક સાધનોની સમજૂતી આપો.

39) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના (મનરેગા) ની માહિતી આપો.

40) ભારતમાં બેરોજગારી ઉદ્ભવવાના કોઈપણ ત્રણ કારણો ચર્ચો.

41) ભારતમાં ખેત ઉત્પાદકતા વધારવાના કોઈપણ ત્રણ ટેક્નોલોજિકલ સુધારાઓ ચર્ચો.

**અથવા**

પાક-સંરક્ષણ અને કૃષિ સંશોધન પર સંક્ષિપ્ત નોંધ લખો.

42) આંતરિક વેપાર અને વિદેશ વેપાર વચ્ચેનો તફાવત સમજાવો.

43) નાના પાયાના ઉદ્યોગોના મહત્ત્વના કોઈપણ ત્રણ મુદ્દા ચર્ચો.

**અથવા**

ઔદ્યોગિક વિકાસ માટે સરકારે લીધેલા કોઈપણ ત્રણ પગલા સમજાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 44 થી 48 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો.**

**દરેક પ્રશ્નના 5 ગુણ છે.** [25]

44) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે જીવનની ભૌતિક ગુણવત્તાના આંકની સમજૂતી આપો. (મર્યાદાઓ જરૂરી નથી)

**અથવા**

માનવ વિકાસ આંકના ઘટકો સમજાવી આ આંકનું મહત્ત્વ અને મર્યાદાઓ જણાવો.

45) ભારતમાં ગરીબી ઘટાડવાના કોઈપણ પાંચ ઉપાયો ચર્ચો.

46) જન્મદર નો અર્થ આપો. ભારતમાં ઊંચા જન્મદર માટેના સામાજિક પરિબળો (કારણો) ચર્ચો.

47) સ્થળાંતર ના કારણો સમજાવો.

**અથવા**

શહેરીકરણ ની સમસ્યા હળવી કરવાના ઉપાયો સમજાવો.

48) નીચે આપેલી આંકડાકીય માહિતીને સમય આધારિત રેખાકૃતિ માં રજૂ કરી તેનું વિશ્લેષણ કરો.

| વર્ષ | 1950-51 | 1970-71 | 1990-91 | 2000-01 | 2011-12 |
|---|---|---|---|---|---|
| ભારતની રાષ્ટ્રીય આવકમાં ખેતીનો ફાળો (ટકામાં) | 53 | 42 | 30 | 22 | 14 |

નોંધ : અંધજન વિદ્યાર્થિયો માટે સૂચના :

અંધજન વિદ્યાર્થિયો એ માત્ર વિશ્લેષણ કરવું.

◆◆◆